# 1 નાવિક વળતો બોલિયો

- ભાલણ

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર એક વાક્યમાં લખોઃ**

1. નાવિક કોને નાવમાં બેસાડવાની 'ના' કહે છે?

2. શાપથી પથ્થર બનેલી અહલ્યા કેવી રીતે જીવિત સ્ત્રી બની ગઈ?

3. નાવિકની આજીવિકાનું સાધન કયું છે?

4. વિશ્વામિત્ર નાવિકને ગંગાજળથી શું કરવાનું કહે છે?

5. કવિએ શ્રીરામ માટે કયો શબ્દ વાપર્યો છે?

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખોઃ**

1. રામને નાવમાં બેસાડવાની કોણે ના કહી? શા માટે?

2. નાવિકની મૂંઝવણનો કોણે, શો ઉપાય સૂચવ્યો?

3. અંતે નાવિકે રામના પગ શા માટે પખાળ્યા?

**નીચેના પ્રશ્નોના ઉત્તર આશરે સો શબ્દોમાં લખોઃ**

''નાવિક વળતો બોલિયો'' કાવ્યના પ્રસંગને તમારા શબ્દોમાં આલેખો.

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર પૂરા વાક્યમાં લખોઃ**

1. ''નાવિક વળતો બોલિયો'' કાવ્યના કવિનું નામ જણાવો.

2. ''નાવિક વળતો બોલિયો'' કાવ્યનું સાહિત્ય-સ્વરૂપ જણાવો.

**નીચેનાં વાક્યોમાં રેખાંકિત શબ્દમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય ફરી લખોઃ**

1. નાવિકનું ગંગાજળ લૈઇને પખાલ્યાં'તાં ચર્ણ.

2. હસીથી હરિ હેઠા બેઠા...

3. તે માણસ બિહાર રાજ્યમાં વતની છે.

**માગ્યા પ્રમાણે કરો :**

1. વિશ્વામિત્રે વાત સાંભળી અને વિશ્વામિત્રે નાવિકને કહ્યું.
   (રેખાંકિત શબ્દને બદલે યોગ્ય સર્વનામ મૂકી વાક્ય ફરી લખો.)

2. નાવિકે રામના પગ પખાળ્યા. (આ વાક્યમાંથી ઉદ્દેશ્યખંડ અને વિધેયખંડ જુદા પાડીને લખો.)

3. કમલ જમે છે. (આ વાક્યને આજ્ઞાર્થ બનાવી ફરીથી લખો.)

**નીચેનાં વાક્યોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારીને ફરીથી લખોઃ**

1. સ્રી થાતાં વાર ન લાગે, કાષ્ટપાષાણ એક

2. આ જિવિકા ભાગેમારી આગે એ કસ્રી છે ધેર

**નીચેના દરેક શબ્દના બે-બે સમાનાર્થી શબ્દો લખોઃ**

1. પથ્થર - ____________ ____________
2. ચરણ - ____________ ____________

**નીચેના શબ્દોનો અર્થભેદ દર્શાવોઃ**

1. વાર - ____________ વાર - ____________
2. ભાગ - ____________ ભાગ - ____________

**નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખોઃ**

અશરણના શરણરૂપ - ____________

પગ પર ચોંટેલી ધૂળ - ____________

**નીચેના તળપદા શબ્દોનાં શિષ્ટરૂપ આપોઃ**

1. પેર - ____________
2. હેઠ - ____________

**નીચેની પંક્તિઓને કાવ્યના વિચારવિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખોઃ**

તે માટે ગંગાજળ લઈને પખાળો હરિ પાય!
સાથ સહુ કે નાવે બેસો નહીં બેસાડું રામ.
નાવિકે ગંગાજળ લૈઈને પખાલ્યાં તાં ચર્ણ.
બે મલિને શું જમે? હું શી કરું તાં પેર?

•